# વડોદરા મહાનગરપાલિકા

વડોદરા
મહાનગરપાલિકા

VMC Audit

## ઓડિટ રિપોર્ટ

## વર્ષ ૨૦૧૭-૧૮

AUDIT DEPARTMENT
AUDIT OUTWARD
NO. 440 DT. 16-07-2018

ચીફ ઓડિટરશ્રીની કચેરી
ઓડિટ શાખા
મહાનગરપાલિકા
વડોદરા
તા.૧૬-૦૭-૨૦૧૮

પ્રતિ,
મંત્રીશ્રી
મહાનગરપાલિકા
વડોદરા

વિષય : વર્ષ ૨૦૧૭-૧૮ નો તપાસણી અહેવાલ (Audit Report) શ્રી સ્થાયી સમિતિ સમક્ષ જાણ માટે રજૂ કરવા બાબત

મહાનગરપાલિકાની ઓડિટ શાખા દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન વોર્ડ તેમજ ખાતાઓના આવક તેમજ ખર્ચના બિલની તપાસણી કરવામાં આવેલી હતી. જેનો તપાસણી અહેવાલ (Audit Report) શ્રી સ્થાયી સમિતિ સમક્ષ જાણ માટે રજૂ કરવામાં આવે છે.

મહાનગરપાલિકામાં પ્રિ-ઓડિટ પધ્ધતિ અમલમાં હોઇ, મહાનગરપાલિકામાં થતા તમામ ખર્ચના બિલ, વોર્ડ તેમજ ખાતાઓ તરફથી હિસાબી શાખા મારફતે ઓડિટશાખામાં માન્યતા અર્થે રજૂ કરવામાં આવે છે. અહેવાલના વર્ષ દરમ્યાન કુલ ૪૬,૮૦૨ બિલ તપાસણી માટે આવેલ હતા. બિલનું પ્રિ-ઓડિટ થયા બાદ ચૂકવણા માટે હિસાબી શાખા તરફ રવાના કરવામાં આવે છે. બિલની તપાસણી દરમ્યાન જણાયેલી વિવિધ પ્રકારની કપાતો, વહીવટી ક્ષતિઓ, અનિયમિતતાઓ પ્રાથમિક તબક્કે જ ઓડિટ ખાતાને ધ્યાને આવે છે. થયેલ ખર્ચના વાઉચરોનું રોજે રોજનું પોસ્ટ ઓડિટ (Concurrent Audit) કરવામાં આવતુ હોવાથી મહાનગરપાલિકાની નાણાંકીય શિસ્ત જળવાઇ રહેલ છે.

મહાનગરપાલિકાના તમામ હિસાબોની પ્રિ-ઓડિટ પદ્ધતિથી તપાસણીના પરીણામ સ્વરૂપે મુખ્ય ઓડિટ શાખા, તમામ ઝોન ઓડિટ વિભાગ, સ્ટોર ઓડિટ વિભાગ મારફતે કુલ ₹ ૩,૦૮,૬૧,૬૮૩/- ની કપાત કરવામાં આવેલ હતી. તેમજ કુલ ₹ ૧૫,૪૮,૨૪૨/- ની રકમના બિલ જે તે સબંધિત ખાતાધિકારીઓની લેખિત રજુઆતના સંદર્ભે જરૂરી પૂર્તતાઓ કરવાની શરતે પ્રોવિઝનલી માન્ય કરવામાં આવેલ હતા.

ખાંતાઓ તેમજ વોર્ડ કચેરીઓ દ્વારા આકસ્મિક ખર્ચ/ખરીદીના પ્રસંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની પૂર્વ મંજુરી મેળવીને તસલમાત (Advance) લેવામાં આવે છે. તસલમાતનો હિસાબ જોતા કુલ ₹ ૫૬,૫૩,૩૯,૮૯૧/- ની બાકી તસલમાતની રકમના હિસાબો, જમાખર્ચ માટે વોર્ડ તેમજ ખાતાઓ દ્વારા વર્ષના અંતે રજૂ કરવામાં આવેલ નથી.

ખાતાઓ તેમજ વોર્ડની આવકના દફ્તરોની તપાસણીની કામગીરી ઓડિટ શાખાના જમા તપાસણી વિભાગ દ્વારા કરવામાં આવેલ હતી. સમગ્ર તપાસણીની કામગીરી દરમ્યાન જણાઇ આવેલ વહીવટી ક્ષતિઓ, અપૂર્તતાઓ, અનિયમિતતાઓ, કમી લાગત વસુલાતો, કમી આકાર વસુલાતો અન્વયે સબંધિત ખાતા તેમજ વોર્ડમાં લેખિત ઓડિટ વાંધાઓ મોકલી આપેલા હતા. વર્ષ દરમ્યાન ₹ ૯૬,૧૧,૯૯૦/-ની બાકી વસુલાત જણાઇ આવેલ છે. તેમજ પ્રિ-ઓડિટમાં તપાસણી અર્થે રજૂ થયેલા ખર્ચના બિલ તેમજ વાઉચરો અંગે જરૂરી સ્પષ્ટતા મેળવેલી છે. તે પૈકીના મહત્વના તેમજ નીતિ વિષયક વાંધાઓના પેરા ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ કરેલ છે.

વર્ષ ૨૦૧૭-૧૮ નો વિગતવાર તપાસણી અહેવાલ (Audit Report) સામેલ છે. જે શ્રી સ્થાયી સમિતિ સમક્ષ જાણમાં લાવવા વિનંતી છે.

ચીફ ઓડિટર
મહાનગરપાલિકા
વડોદરા

VMC Audit

# વડોદરા મહાનગરપાલિકા

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ તા.૧૯-૦૭-૨૦૧૮ ના રોજ બપોરના ૪-૩૦ વાગે શ્રી સતિષ ગોવિંદભાઇ પટેલના અધ્યક્ષપણા નીચે મળી તેના ઠરાવની નકલ

| વિગત | દરખાસ્ત તથા સુધારા | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તેજ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | નામ (૧) દરખાસ્ત કરનારનું (૨) અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો કરવામાં આવ્યો તે | તરફેણમાં | વિરુધ્ધમાં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળનો હવે પછી ઠરાવ થાય તે | |
| વિષય નં.૧<br>વડોદરા મહાનગરપાલિકાની ઓડીટ શાખા દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન વોર્ડ તેમજ ખાતાઓના આવક તેમજ ખર્ચના બિલની તપાસણી કરવામાં આવેલી હતી. જેનો તપાસણી અહેવાલ (Audit Report) ચીફ ઓડીટરશ્રી તરફથી આવેલ હોઇ તેને જાણમાં લેવા બાબત | શ્રી નિ.ર.રાઠોડ<br>શ્રી જૈ.જ.અમીન | જાણમાં લીધો.<br><br>ખરી નકલ<br>મ્યુનિસિપલ સેક્રેટરી<br>વડોદરા મહાનગર પાલિકા<br>વડોદરા.<br>ન.ક. ટ.ક. | ૧૧ | - | ૧૪૯<br>૧૯-૦૭-૨૦૧૮ | સ.મતે જાણમાં લીધો. | ઓડીટ ઓફીસ<br>આવક નં. ૨૩૯૦<br>દાખલ તા. ૨૦-૭-૧૮ | | |

# અનુક્રમણિકા


| અનુ. નંબર | વિગત | પેરા નંબર | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | મહેકમ વિભાગ | ૧ | ૧ |
| ૨ | પેન્શન વિભાગ | ૨ થી ૬ | ૨ |
| ૩ | પબ્લીક વર્કસ બિલ વિભાગ | ૭ થી ૧૫ | ૩ |
| ૪ | દેણેયાદી બિલ વિભાગ | ૧૬ થી ૧૯ | ૬ |
| ૫ | **Concurrent Post Audit** વિભાગ | ૨૦ થી ૨૨ | ૭ |
| ૬ | જમા તપાસણી વિભાગ | ૨૩ | ૯ |
| ૭ | અનામત રિફંડ વિભાગ | ૨૪ થી ૨૭ | ૯ |
| ૮ | ઉત્તર ઝોન ઓડિટ | ૨૮ થી ૩૩ | ૧૧ |
| ૯ | પશ્ચિમ ઝોન ઓડિટ | ૩૪ થી ૩૮ | ૧૨ |
| ૧૦ | પરિશિષ્ટ (૧ થી ૭) | _ | ૧૪ |


VMC Audit

# ઓડિટ પેરાની અનુક્રમણિકા


| પેરા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| | **મહેકમ વિભાગ** | |
| ૧ | ઓડિટ શાખાના મહેકમની વિગત | ૧ |
| | **પેન્શન વિભાગ** | |
| ૨ | નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ અદાપાત્ર રકમમાંથી કરેલ કપાત | ૨ |
| ૩ | ચીફ એકાઉન્ટન્ટશ્રીના નામે લીધેલ તસલમાતના જમાખર્ચ બાબત | ૨ |
| ૪ | પ્રોવિઝનલ પેન્શન નિયમિત કરવા બાબત | ૨ |
| ૫ | ઉચ્ચક નાણાંકીય સહાયના બિલ અદાપાત્ર ન હોય ફાઇલે કરાવવા બાબત | ૩ |
| ૬ | કુટુંબ પેન્શન અમાન્ય કરવા બાબત | ૩ |
| | **પબ્લીક વર્કસ બિલ વિભાગ** | |
| ૭ | પાણી પુરવઠાશાખાના બિલમાં થયેલ વધુ આકારની કપાત | ૩ |
| ૮ | ઉત્તર ઝોનના બિલમાં આઇટમની ભૂલને કારણે વધુ આકારની કપાત | ૩ |
| ૯ | અફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટના બિલમાં થયેલ વધુ આકારની કપાત | ૪ |
| ૧૦ | પાણી પુરવઠા શાખાના બિલમાં Done Quantity મુજબ ચુકવણું કરતા વધુ આકારની કપાત | ૪ |
| ૧૧ | પાણી પુરવઠા શાખાના બિલમાંથી ટેન્ડરની શર્ત મુજબ Retention Money 5 % મુજબની કપાત | ૪ |
| ૧૨ | પબ્લીક વર્કસના કામોના વિવિધ પ્રોજેક્ટની વાર્ષિક ઇજારા ફાઇલમાં રહેલી ક્ષતિઓ બાબત | ૪ |
| ૧૩ | પ્રોજેક્ટ વર્કસના કામની રજૂ કરેલ બેંક ગેરેંટીની મુદ્દતમાં Break Period લગતની બિલમાંથી કપાત | ૫ |
| ૧૪ | પ્રોજેક્ટ વર્કસના કામોમાં CAR Policy રજૂ કરવા બાબત | ૫ |
| ૧૫ | એક વર્ષથી વધુ સમય બાદ રજૂ થયેલ બિલ બાબત | ૫ |
| | **દેણેયાદી બિલ વિભાગ** | |
| ૧૬ | MGVCL માં ભરેલ ડિપોઝીટ લગત | ૬ |
| ૧૭ | અગ્નિશમન અને તાત્કાલીક સેવાઓ શાખા દ્વારા હેવી મોટર વ્હીકલ ડ્રાઇવરો લેવા લગત | ૬ |
| ૧૮ | GCMMF, Anand ને ચુકવેલ રકમનો તસલમાત જમાખર્ચ કરાવવા બાબત | ૬ |
| ૧૯ | મીકેનીકલ શાખા દ્વારા રજૂ થયેલ ભાડાની લકઝરી બસના બિલમાંથી થયેલ કપાત બાબત | ૭ |

| પેરા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| | **C.P.A વિભાગ** | |
| ૨૦ | મહાનગરપાલિકાના બેંક ખાતાઓનું રીકન્શીલીએશન કરવા બાબત | ૭ |
| ૨૧ | GPMC Act ની કલમ ૧૦૫ મુજબ ઓડિટ વિભાગ દ્વારા શ્રીસ્થાયી સમિતિને મહાનગરપાલિકાના આવક-જાવકના અઠવાડિક રિપોર્ટ મોકલવા બાબત | ૮ |
| ૨૨ | મહાનગરપાલિકાના રેવેન્યુ તસલમાત પૈકી ખાતાઓ દ્વારા થયેલ જમાખર્ચની માહિતી | ૮ |
| | **જમા તપાસણી વિભાગ** | |
| ૨૩ | Animal Birth Control Scheme અંતર્ગત કરવામાં આવેલી કામગીરીનો રીપોર્ટ | ૯ |
| | **અનામત રિફંડ વિભાગ** | |
| ૨૪ | અનામત રીંફડ બિલ ફાઇલે કરાવવા બાબત | ૯ |
| ૨૫ | બેંક ગેરેંટી મુદ્દત બાદ રજૂ કરેલ હોઇ, પેનલ્ટીની વસૂલાત બાબત | ૧૦ |
| ૨૬ | ઇજારદારની અનામત રીફંડના બિલમાંથી દંડની રકમ વસૂલ લેવા બાબત | ૧૦ |
| ૨૭ | નગર ગૃહના રિફંડ બિલમાંથી ભાડા તફાવતની રકમની કપાત કરવા બાબત | ૧૦ |
| | **ઉત્તર ઝોન ઓડિટ** | |
| ૨૮ | પબ્લિક વર્ક્સના કામ અંગે રજૂ કરેલ બેંક ગેરેંટીની મુદ્દતમાં Break Period લગતની બિલમાંથી કપાત | ૧૧ |
| ૨૯ | કર્મચારીના તફાવત પત્રકના બિલમાં સસ્પેન્ડ પીરીયડના કરેલ આકારની કપાત | ૧૧ |
| ૩૦ | લિવ એન્કેશમેન્ટ બિલ એક વર્ષ બાદ માન્યતા અર્થે રજૂ થયેલ હોઇ, ઓડિટ વાંધાથી પરત કરવા બાબત | ૧૧ |
| ૩૧ | પેટ્રોલ કાર્ડ હોવા છતાં પરીવહન ભથ્થાનો આકાર થયેલ હોઇ કપાત કરવા બાબત | ૧૧ |
| ૩૨ | વોર્ડ-૮ના પાણી કનેક્શન રજિસ્ટરની તપાસણી દરમ્યાન જણાય આવેલ બાકી વસુલાત બાબત | ૧૧ |
| ૩૩ | વોર્ડ-૮ના સ્થાયી લારી રજીસ્ટરની તપાસણી દરમ્યાન જણાઇ આવેલ બાકી વસુલાત બાબત | ૧૨ |
| | **પશ્ચિમ ઝોન ઓડિટ** | |
| ૩૪ | LTC પ્રવાસનું બિલ રજુ કરેલ ના હોવાથી હક્ક રજા રૂપાંતરીત બિલમાંથી કરેલ વસુલાત બાબત | ૧૨ |
| ૩૫ | પેટ્રોલ કાર્ડ હોવા છતાં પરિવહન ભથ્થાનો આકાર થયેલ હોઇ, કપાત કરવા બાબત | ૧૨ |
| ૩૬ | ઓવર ટાઇમ મળવાપાત્ર ન હોઇ કપાત કરવા બાબત | ૧૨ |
| ૩૭ | શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર ખાતે લોન સેવા પર ફરજો બજાવતા કર્મચારીની મુદ્દત અંગે સક્ષમ મંજૂરી મેળવવા બાબત | ૧૨ |

VMC Audit

| પેરા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૩૮ | બિલમાં એક જ પ્રકારના વાંધાઓ વારંવાર ઉપસ્થિત થતા હોઇ, ખાતાને લેખિત જાણ કરવા બાબત | ૧૩ |


## પરિશિષ્ટની અનુક્રમણિકા


| પરિશિષ્ટ નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | પ્રિ-ઓડિટ દરમ્યાન બિલમાંથી કરેલ કુલ કપાતની માહિતી | ૧૪ |
| ૨ | પ્રોવિઝનલી માન્ય કરેલ બિલની માહિતી | ૧૫ |
| ૩ | બિલમાંથી કરેલ મહત્વની કપાતની માહિતી | ૧૬ |
| ૪ | પ્રિ-ઓડિટ કરેલ બિલની સંખ્યાની માહિતી | ૨૧ |
| ૫ | એક વર્ષથી વધુ સમય બાદ રજૂ થયેલ બિલની માહિતી | ૨૨ |
| ૬ | જમા તપાસણી વિભાગની કામગીરીની માહિતી | ૨૯ |
| ૭ | ખાતા વાઇઝ તસલમાતની માહીતી | ૩૧ |


VMC Audit

# : મહેકમ વિભાગ :

**પેરા-૧**

ઓડિટ શાખામાં મંજૂર થયેલ કુલ ૧૧૫ જગાઓ પૈકી ૬૦ જગ્યાઓ ખાલી છે. જેના કારણે ઓડિટ શાખાની જમા તેમજ ખર્ચ (પ્રિ-ઓડિટ) ની તપાસણીની કામગીરી ઉપર વિપરીત અસર પડેલ છે. સ્ટોર ઓડિટ દ્વારા કરવામાં આવતી માલસામાનની પ્રત્યક્ષ તપાસણી (Physical Verification) તેમજ માલસામાનના હિસાબોની તપાસણી (Internal Book Verification) થઇ શકેલ નથી તેમજ મહાનગરપાલિકાના કુલ ૧૨ વહીવટી વોર્ડ પૈકીની કચેરીઓમાં આવક (જમા વિભાગ) ના હિસાબોની તપાસણી, સ્ટાફના અભાવે કરવી શક્ય બનેલ નથી. મહાનગરપાલિકાના ૭૫ જેટલા ખાતાઓનું રેવન્યુ ઓડિટ કરવા માટે હાલમાં નહીવત સ્ટાફ ઉપલબ્ધ છે. જે વહીવટી દ્રષ્ટિએ ઘણી જ ગંભીર બાબત કહી શકાય. અહેવાલના વર્ષ દરમ્યાન ખાલી જગ્યાઓ અંગેની માહિતી તેમજ સ્ટાફની માંગણી અંગે સામાન્ય વહીવટ વિભાગને લેખિત જાણ કરવામાં આવેલ છે. સદરહુ હકીકત જોતાં ઓડિટ શાખાની ખાલી જગ્યાઓ પૈકી સીનીયર ઓડિટરની બે જગ્યા તથા ઓડિટરની ત્રણ જગ્યા સીધી ભરતીથી તાત્કાલીક ભરાય તે અત્યંત જરૂરી છે.

*(ઓડિટ પત્રાંક નં.૧૧૫/તા.૨૪-૪-૨૦૧૮)*

**ઓડિટ શાખાના મહેકમની સ્થિતિ (માર્ચ-૨૦૧૮)**

VMC Audit

| અનુ. નંબર | જગ્યાનુ નામ | કૂલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ચીફ ઓડિટર | ૧ | ૧ | - |
| ૨ | સીની. ઓડિટર | ૫ | - | ૫ |
| ૩ | ઓડિટર | ૭ | - | ૭ |
| ૪ | આસી. ઓડિટર | ૭ | ૫ | ૨ |
| ૫ | જુની. ઓડિટર | ૩૪ | ૩૦ | ૪ |
| ૬ | સ્ટોક વેરીફાયર | ૩ | ૨ | ૧ |
| ૭ | જુની. ક્લાર્ક | ૪૯ | ૧૨ | ૩૭ |
| ૮ | હવાલદાર | ૧ | ૧ | - |
| ૯ | જમાદાર | ૧ | - | ૧ |
| ૧૦ | સિપાઇ | ૭ | ૪ | ૩ |
| | કૂલ સંખ્યા | ૧૧૫ | ૫૫ | ૬૦ |

## : પેન્શન દફતર :

### પેરા-૨

નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ તા. ૧-૪-૨૦૦૫ કે ત્યારબાદ નિયમીત પગાર ધોરણમાં નિમણૂંક પામેલ કર્મચારીઓના પગાર વત્તા મોંઘવારી ભથ્થાની કુલ રકમના ૧૦ ટકા રકમ કર્મચારીનો ફાળો તેમજ તેટલી જ રકમનો વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનો ફાળો અને તેના પર ૮ ટકા વ્યાજ મળી થતી રકમ NSDL (National Securities Depository Limited) સંસ્થામાં જમા કરાવવાની થાય છે. કર્મચારીઓએ તેમના સી.પી.એફ. ના એકાઉન્ટ નંબર (PRAN) નહિ લીધેલ હોવાથી હિસાબી શાખાએ સદર રકમ બેંકમાં જમા કરાવેલ છે. કર્મચારીઓએ એકાઉન્ટ નંબર મેળવતા હવે તે કોન્ટ્રીબ્યુટરી પ્રોવીડન્ડ ફંડનો હિસાબ NSDL માં જમા કરવા લગતના ઈ.ડી.પી. પત્રકો રજાની માહિતી ધ્યાને લીધા સિવાય તૈયાર કરેલ હોવાથી, વાંધાથી હિસાબી શાખાનું ધ્યાન દોરતા કર્મચારીનો ફાળો અને કોર્પોરેશનનો ફાળો બીનપગારી રજા લગતની Y1BP ની માહિતીની સાથે સાંકળતા જે તે કર્મચારીની બિન પગારી રજાના પ્રમાણમાં તેઓનો મ્યુનિસિપલ કોર્પોરેશનને આપવાનો ફાળો આશરે ₹ ૫૦,૦૦,૦૦૦/- જેટલો કપાત કરાવેલ છે.

### પેરા-૩

મૈયત કર્મચારીના વારસદારને ચીફ એકાઉન્ટન્ટના નામે તસલમાત લઇ અનુક્રમે ચેક નંબર-૨૬૩૪૫૪/તા.૨૭-૫-૨૦૦૮ અને ચેક નંબર-૨૬૩૪૫૫/તા.૨૭-૫-૨૦૦૮ થી ₹ ૩,૦૦,૦૦૦/- વળતર પેટે ચૂકવેલ છે, જે રકમનો જમાખર્ચ અદ્યાપિ થયેલ નથી. ₹ ૭,૦૦,૦૦૦/- ચૂકવવાના બિલ રજૂ કરતા સમયે ₹ ૩,૦૦,૦૦૦/- નો જમાખર્ચ થવાનો બાકી હોઇ, જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવાની શર્તે બિલ વાંધા સહ માન્ય કરવામાં આવેલ છે.

| અનુ. નંબર | નામ | બિલ નંબર / તારીખ | રકમ ₹ |
|---|---|---|---|
| ૧ | શ્રી નગીન રણછોડ હરિજન | સી-૨૬૧૫/૩૧-૩-૨૦૧૭ | ૭,૦૦,૦૦૦ |
| ૨ | શ્રી હરીશ મગન સોલંકી | સી-૨૬૧૪/૩૧-૩-૨૦૧૭ | ૭,૦૦,૦૦૦ |

*(ઓડિટ વાંધા નં.૧/તા.૬-૪-૨૦૧૭, વાંધા નં.૨/તા.૬-૪-૨૦૧૭)*

### પેરા-૪

ઓડિટ આવક નંબર-૫૮૬/તા.૧૮-૩-૨૦૧૭ અન્વયે શ્રી પ્રવિણભાઇ મગનભાઇ પટેલનો પેન્શન કેસ રીવાઇઝ કરવા અત્રે રજુ કરવામાં આવેલ છે. સુવેઝ શાખા ઠરાવ અંક ૨૨૨/તા.૭-૨-૨૦૧૭ આધારે માન્ય કરેલ તા.૧-૭-૨૦૦૮ નો પુરસ્કાર અદાપાત્ર ન હોય પેન્શન કેસ રીવાઇઝ કરવાપાત્ર ઠરતો નથી. ઓડિટ વાંધા આધારે પ્રોવિઝનલ પેન્શન નિયમિત કરવામા આવેલ છે.

*(ઓડિટ વાંધા નં.૪/તા.૧૨-૪-૨૦૧૭)*

**પેરા-૫**

ઉચ્ચક નાણાંકીય સહાયના બિલ ઠરાવેલ ધારાધોરણ અનુસાર સહાય અદાપાત્ર ન હોવા છતાં ખાતાએ તૈયાર કરી, હિસાબી શાખા મારફતે ખર્ચ પાડી અત્રે માન્યતાર્થે મોકલાવેલ હતા. જે નિયમાનૂસાર ન હોઇ ફાઇલે કરાવેલ છે.

| અનુ. નંબર | નામ | બિલ નંબર / તારીખ | રકમ ₹ |
|---|---|---|---|
| ૧ | શ્રી શૈલેષ બી.પટેલ | એચ-૬૩૮/૨-૬-૨૦૧૭ | ૮,૦૦,૦૦૦ |
| ૨ | શ્રી નાનસિંગ દાદુભાઇ વસાવા | એચ-૧૧૪૯/૧૮-૮-૨૦૧૭ | ૫,૦૦,૦૦૦ |
| ૩ | શ્રી નાગજી પૂંજાભાઇ રાઠોડિયા | એચ-૧૫૪૯/૨૩-૧૧-૨૦૧૭ | ૮,૦૦,૦૦૦ |

*(ઓડિટ વાંધા નં.૧૩/તા.૮-૬-૨૦૧૭, ૩૬/તા.૨૦-૯-૨૦૧૭, ૫૧/તા.૫-૧૨-૨૦૧૭)*

**પેરા-૬**

ઓડિટ આવક નંબર-૩૬૭/તા.૨૯-૭-૨૦૧૭ અન્વયે કુટુંબ પેન્શન કેસ અત્રે માન્યતાર્થે રજૂ કરવામાં આવેલ હતો. મૈયત કર્મચારી શ્રી આશિષ બાબુભાઇ રાણાની માતાને તેમના પતિનું પેન્શન મળતું હોય, પુત્ર ઉપર સંપુર્ણપણે આધારિત ગણાય નહિ. તેથી તેઓને કુટુંબ પેન્શન અદાપાત્ર નથી. શ્રી કોકિલાબેન બાબુભાઇ રાણાનો પેન્શન કેસ અત્રેથી વાંધા મારફતે સુધારો કરાવીને ગ્રેજ્યુઇટી માન્ય રાખી, કુટુંબ પેન્શન અમાન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં.૨૭/તા.૫-૮-૨૦૧૭)*

VMC Audit

## : પબ્લિક વર્કર્સ બિલ વિભાગ :

**પેરા-૭**

પાણી પુરવઠા શાખા જા.નં. ૩/તા.૨૫-૪-૨૦૧૭ થી પાર્ટ બિલ નં. જે-૧૪/તા.૪-૫-૨૦૧૭, ₹ ૪,૬૨,૬૨,૯૨૪/- ઓડિટ શાખામાં મંજૂરી માટે રજૂ કરવામાં આવેલ હતું. બિલમાં દર્શાવેલ આઇટમ નં. ૪૩(૨૧) લગત Measurement Book માં દર્શાવેલ ચુકવણાંની રકમની ટકાવારી કરતા તે આઇટમની બિલમાં વધુ રકમ આકાર કરેલ હોવાથી ₹ ૫૨,૫૪,૪૬૯/- ની કપાત કરી ₹ ૪,૧૦,૦૮,૪૫૫/- નું બિલ માન્ય કરવામાં આવેલ હતું.

*(ઓડિટ વાંધા નં.૧૦૧/તા.30-૫-૨૦૧૭)*

**પેરા-૮**

ઉત્તર ઝોન જા.નં. ૧૮૯૩/તા.૧૪-૮-૨૦૧૭ થી પાર્ટ બિલ નં. આઇ-૧૦૧૭/તા.૧-૯-૨૦૧૭, ₹ ૩૫,૩૯,૨૧૦/- ઓડિટ શાખામાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલ હતું. બિલમાં દર્શાવેલ આઇટમ નં. ૧૩ ની ગણતરીમાં ભુલને કારણે બિલમાં થયેલ વધુ આકાર ₹ ૧૧,૯૨,૨૩૭/- ની કપાત કરી ₹ ૨૩,૪૬,૯૭૩/- નું બિલ માન્ય કરવામાં આવેલ હતું.

*(ઓડિટ વાંધા નં.૪૨૩/તા.૪-૧૦-૨૦૧૭)*

પેરા-૯

અફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટ શાખા દ્વારા પાર્ટ બિલ નં. આઇ-૧૨૭૯/તા.૯-૧૦-૨૦૧૭, ₹ ૨,૦૮,૩૩,૯૨૫/- ઓડિટ શાખામાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલ હતું. વધારાના કાર્પેટ એરિયાની મંજુરી મેળવેલ ન હોવા છતાં, તે મુજબ બિલ બનાવેલ હોવાથી વાધાં મુજબ ₹ ૬૪,૭૭,૯૦૦/- ની કપાત તથા Measurement Book માં દર્શાવેલ % (ટકાવારી) કરતાં બિલમાં વધુ આકાર કરેલ હોવાથી ₹ ૧,૦૯,૬૬૫/- ની કપાત સહ કુલ ₹ ૬૫,૮૭,૫૬૫/- ની કપાત કરી ₹ ૧,૪૨,૪૬,૩૬૦/- નું બિલ માન્ય કરવામાં આવેલ હતું.

*(ઓડિટ વાંધા નં.૫૨૫/તા.30-૧૨-૨૦૧૭)*

પેરા-૧૦

પાણી પુરવઠા શાખા પાર્ટ બિલ નં. આઇ-૨033/તા.૧૬-૨-૨૦૧૮, ₹ ૨,૫૩,૪૦,૯૦૦/- નું બિલ ઓડિટ શાખામાં માન્યતાર્થે રજુ કરવામાં આવેલ હતું. બિલમાં દર્શાવેલ આઇટમ નં. ૬૨(૩)માં Measurement Book મુજબ Allow Tender Quantity ચુકવવાપાત્રનો શેરો હતો, છતાં બિલમાં Done Quantity મુજબ ચુકવણું કરવાનો આકાર કરેલ હતો. જેથી ₹ ૨૪,૪૩,૪૦૦/- ની કપાત કરી ₹ ૨,૨૮,૯૭,૫૦૦/- નુ બિલ માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં.૬૩૯/તા.૫-૩-૨૦૧૮)*

પેરા-૧૧

પાણી પુરવઠા શાખા પાર્ટ બિલ નં. આઇ-૨૨૩૭/તા.૧૫-૩-૨૦૧૮, ₹ ૨,૦૨,૧૮,૯૦૦/- નું બિલ ઓડિટ શાખામાં માન્યતાર્થે રજૂ કરવામાં આવેલ હતું. બિલમાંથી ટેન્ડરની શર્ત મુજબ Retention Money 5% મુજબની ₹ ૧૦,૧૦,૯૪૫/- કપાત કરી બિલ માન્ય કરવામાં આવેલ હતું.

*(ઓડિટ વાંધા નં.૭૨૧/તા.૩૧-૩-૨૦૧૮)*

પેરા-૧૨

પબ્લીક વર્કસના કામોના વિવિધ પ્રોજેક્ટ લગત શાખા તેમજ ઝોન દ્વારા કરવામાં આવતા નવીન વાર્ષિક ઇજારાઓની મૂળ ફાઇલો ઓડિટ શાખાએ પ્રી-સ્ક્રુટીની માટે ઇજારો મંજુર થયેથી તૂર્ત જ મોકલવામાં આવતી નથી. માન્ય વાર્ષિક ઇજારા અન્વયેના કામના બિલ ઓડિટ શાખાએ મંજૂરી માટે રજૂ કરવામાં આવે ત્યારે વાર્ષિક ઇજારાની મુળ ફાઇલ પ્રી-સ્ક્રુટીની માટે સામેલ રાખવામાં આવે છે. તે દરમ્યાન કેટલીક મહત્વની ક્ષતિઓ પ્રસ્તુત મૂળ ફાઇલમાં જણાઇ આવતા, અત્રેથી લેખિત ઓડિટ વાંધો આપવામાં આવે છે. જેની ખાતા દ્વારા પૂર્તતા કરવામાં ઘણો સમય વ્યતિત થાય છે. જેના કારણે જે તે વાર્ષિક ઇજારા પૈકીના બિલ મંજુરીની પ્રક્રિયામાં વિલંબ થાય છે. સદરહુ અંગે તાકીદના પગલાં લેવા સીટી એન્જીનીયરશ્રીનું લેખિત ધ્યાન દોરવામાં આવેલું છે.

*(ઓડિટ શાખા જા.નં.૯૮૦/તા.30-૧૧-૨૦૧૭)*

**પેરા-૧૩**

મહાનગરપાલિકાના પ્રોજેક્ટ વર્કસના તેમજ અન્ય ₹ ૫૦ લાખથી વધુના કામોમાં, ટેન્ડરની શરત મુજબ 2% EMD, 3% SD તથા 5 % Performance Guarantee પેટે બેંક ગેરંટી, ઇજારદાર દ્વારા રજૂ કરવાની હોય છે. આવી બેંક ગેરંટીઓની વેલીડીટી પીરીયડ પુરો થતા જ મુદ્દત લંબાવવા માટેની કાર્યવાહી, ખાતાઓ દ્વારા સબંધિત ઇજારદાર પાસેથી કરવામાં આવતી નથી. બેંક ગેરંટીઓની મુદ્દત પુરી થયેલી હોવા છતાં, બિલ મંજૂરીના તબક્કે ઓડિટ વાંધાઓથી સબંધિત ખાતાને બેંક ગેરંટી રીન્યુ કરાવવાની કાર્યવાહી કરવા જણાવવાની ફરજ પડે છે. તેથી બેંક ગેરંટી continuous ના હોય તેવા Break Period ની મુદ્દતનું વાર્ષિક 18 % વ્યાજ સબંધિત ખાતા દ્વારા કપાત કરી, રજૂ કરવામાં આવતા બિલ માન્ય કરવામાં આવે છે.

*(ઓડિટ શાખા જા.નં.૧૩૭૧/તા.૧૭-૩-૨૦૧૮)*

**પેરા-૧૪**

પ્રોજેક્ટ વર્કસના કામોમાં ટેન્ડરની શરત મુજબ, કામની CAR Policy (Contractor All Risk Policy) વર્ક ઓર્ડર તબક્કે ઇજારદાર દ્વારા મેળવવાની હોય છે. છતાં કેટલાક કામોમાં પૉલીસી મેળવ્યા સિવાય ખાતા દ્વારા કામો કરાવી બિલ રજૂ કરવામાં આવે છે. આથી નિયમ મુજબ કપાત કરવા માટે વાંધા ઉપસ્થિત થવાના પ્રસંગે બિલ ચૂકવણીમાં વિલંબ થાય છે.

*(ઓડિટ શાખા જા.નં.૧૩૭૧/તા.૧૭-૩-૨૦૧૮)*

**પેરા-૧૫**

વડોદરા મહાનગરપાલિકાના સિવિલ કામો કરતા ઇજારદારો તથા મટીરીયલ તેમજ સર્વિસીસના ઇજારદારોના બિલનું ચૂકવણું સમય મર્યાદામાં કરવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા હિસાબી શાખા પરિપત્ર અંક : ૧૬/તા.૩-૫-૧૯૯૩ થી જારી કરેલ છે. પરિપત્ર મુજબ કામ પૂર્ણ થયેથી અથવા માલસામાન / સર્વિસની કામગીરી થયેથી દીન-૩૦ માં બિલ બનાવી ખાતા મારફતે હિસાબી-ઓડિટમાં રજૂ કરવાની તાકીદ કરેલ છે.

ચાલુ વર્ષ દરમ્યાન ખાતાઓ દ્વારા ૧ વર્ષ થી વધુ સમય બાદ ઓડિટ અર્થે રજૂ થયેલ ૩૬ બિલ, મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની મંજૂરી મળ્યા બાદ ઓડિટ ચકાસણી કરીને મંજૂર કરવામાં આવેલા છે. ખાતાઓ દ્વારા બિલ બનાવવાની કામગીરી સમય મર્યાદામાં થાય તે ઇચ્છનીય છે.

*(પરિશિષ્ટ-૫)*

## : દેણેયાદી વિભાગ:

**પેરા-૧૬**

સુએઝ ડી વર્કસ તથા સ્ટ્રીટલાઇટ શાખા દ્વારા ટેમ્પરરી વીજ કનેકશન મેળવવા અંગેની Final Quotation (FQ) ની તસલમાત અત્રેની કચેરીએ તપાસણી અર્થે રજૂ કરવામાં આવે છે. સદર FQ ની તસલમાતમાં સિક્યુરીટી ડીપોઝીટનો સમાવેશ થયેલ હોય છે. અમુક સ્થળોએ ટેમ્પરરી વીજ કનેકશન મેળવવા ભરેલ ડીપોઝીટનો સમય પૂરો થતા તે ડીપોઝીટની રકમ રિપીટ/રીન્યુ કરવી જોઇએ તેમ છતાં એજ સ્થળે ફરીથી કનેક્શન મેળવવા માટે બીજી ડીપોઝીટની રકમ તસલમાત મેળવી MGVCL માં ચૂકવણું કરવામાં આવે છે. પરંતુ અગાઉ ભરેલ રકમ પરત મહાનગરપાલિકાને મળેલ છે કે કેમ ? તેની કોઇ સ્પષ્ટતા ખાતા દ્વારા કરવામાં આવતી નથી. ગત વર્ષ દરમ્યાન કેટલી તસલમાત લીધી તથા અગાઉ ભરેલ તસલમાત પૈકીની કેટલી ડીપોઝીટ પરત જમા આવી, આ બાબતે કાર્યપાલક ઇજનેરશ્રી સુએઝ ડી. વર્કસ તરફ લખાણ કરવામાં આવેલ છે. જે અંગેની પૂર્તતા અદ્યાપિ સુધી કરવામાં આવેલ નથી.

*(ઓડિટ વાંધા નં.૨/તા.૧૨-૪-૨૦૧૮)*

**પેરા-૧૭**

અગ્નિશમન અને તાત્કાલીક સેવાઓ વિભાગ દ્વારા હેવી મોટર વ્હીકલ લાઇસન્સ ધરાવતા કુલ ૩૦ ડ્રાઇવરોનો ૧૧ માસના કરારથી માસિક ઉચ્ચક પગાર ચાર્જથી લેવા અંગેનો ઈજારો કરવામાં આવેલ, જેની મુદ્દત તા.૯-૭-૨૦૧૬થી પૂર્ણ થતાં શ્રી સ્થાયી સમિતિ ઠરાવ અંક ૧૯૯/ તા.૨૧-૭-૨૦૧૬ થી પુનઃ મંજૂરી મેળવી કુલ ૪૫ ડ્રાઇવરો લેવાનો નવીન ઈજારો થતા સુધીની મુદ્દત માટે વર્ક ઓર્ડર આપવામા આવેલ હતો. સદર બાબતે ઘણો સમય થયેલ છે. ખાતા દ્વારા અદ્યાપિ નવીન ટેન્ડર પ્રક્રિયા હાથ ધરેલ જણાતી નથી .અત્રેની કચેરીએથી સદર બાબતે ખાતાનું લેખિત ધ્યાન દોરવામાં આવેલ છે.

ડ્રાઇવરોના માહે જુલાઇ-૧૭ ના માસિક ઉચ્ચક ચાર્જના બિલ પૈકીના બે ડ્રાઇવર તા.૧૯-૭-૨૦૧૭ થી તા.૨૯-૭-૨૦૧૭ (દીન-૧૧) સુધી પુરની કામગીરી માટે રાજકોટ ગયેલ હતા. જેઓની લૉગબુકમાં દરરોજની ૨૪ કલાક મુજબની હાજરી દર્શાવેલ હતી. જે લગત સક્ષમ મંજૂરી મેળવવામાં આવેલી ન હતી.અત્રેના વાંધા અન્વયે મ્યુનિસીપલ કમિશ્નરશ્રીએ મંજૂરી આપેલ હોઇ ૨૪ x ૭ મુજબનું બિલ માન્ય કરેલ છે.

*(ઓડિટવાંધા નં.૪૫તા.૯-૬-૨૦૧૭, વાંધા નં.૨૩૧/તા.૪-૧-૨૦૧૮)*

**પેરા-૧૮**

આઇ.સી.ડી.એસ. અર્બન ઘટક ૧,૨ ની આંગણવાડી કેન્દ્રોના બાળકોને ફોર્ટીફાઇડ મિલ્ક પુરુ પાડવા લગત Gujarat Co-Operative Milk Marketing Federation Ltd., Anand ને એડવાન્સ રકમ પેટે ₹ ૪૯,૫૦,૪૦૦/- ચુકવવામાં આવેલ હતા. જેનો જમાખર્ચ માસિક ફોર્ટીફાઇડ મિલ્કના બિલ રજૂ થયે તબક્કાવાર કરવાનુ ઠરાવેલ. પરંતુ તેમ ન કરતા બિલ નં. ૪૭૬/૧૯૭૬/ તા.૨૦-૧૧-૨૦૧૭ થી માહે જુલાઇ, ઓગસ્ટ-૧૭નું ફોર્ટીફાઇડ મિલ્ક સપ્લાયનું ₹ ૧૭,૬૨,૨૮૩/- નું બિલ

ચુકવણું કરવા અર્થે અત્રે રજૂ કરેલ હતું. જે GCMMF, Anand ને ચુકવવાને બદલે તસલમાત જમા ખર્ચ કરવા અત્રેથી પરત કરવામાં આવેલ.

વાંધાનુસાર મ્યુનિ.કમિશ્નરશ્રી દ્વારા ઉપરોક્ત એડ્વાન્સ ચુકવેલ રકમ ₹ ૪૯,૫૦,૪૦૦/- કાયમી સ્વરૂપે GCMMF,Anand ખાતે જમા રાખવા તથા સદર બિલ માન્ય કરવા જણાવતા, આરોગ્ય કેન્દ્રોના બાળકોને દૂધનો પુરવઠો સતત જળવાઇ રહે તે હેતુથી વાંધા સહ બિલ માન્ય કરેલ. તેમજ એકાદ માસના બિલ જેટલી રકમ જમા રાખી બાકીની રકમનું તસલમાત જમાખર્ચ કરવા તેમજ નિયમિત માસિક બિલોનું ચુકવણું કરવા અંગેની પદ્ધતિ ગોઠવવા અંગે અત્રેથી સૂચન કરવામાં આવેલ. છતાં હાલ સુધી ઉપરોક્ત રકમની તસલમાતનો જમા ખર્ચ કરવામાં આવેલ નથી.
*(ઓડિટ વાંધા નં.૧૭૫/તા.૨૦-૧૧-૨૦૧૭, વાંધા નં.૧૯૪/તા.૨૦-૧૧-૨૦૧૭*

**પેરા-૧૯**

અહેવાલના વર્ષ દરમ્યાન લોકાપર્ણ કાર્યક્રમ લગત ભાડાની ૫૬-સીટની કુલ ૭૫ લકઝરી બસ લાવવામાં આવેલ. જેનું બિલ મીકેનીકલ શાખા દ્વારા ઓડિટ આ.નં. C-૧૩૪૫/તા.૧-૧૨-૨૦૧૭ થી ₹ ૫,૫૧,૨૫૦/- નું અત્રેની કચેરીએ તપાસણી અર્થે રજૂ કરવામાં આવેલ હતું. સદર બિલ રજીસ્ટ્રેશન નંબરની વિગત દર્શાવતુ પત્રક સામેલ રાખી રજૂ કરવા જણાવતા, વાંધાની પૂર્તતા સંદર્ભે રજૂ કરેલ પત્રકમાં કુલ ૭૫ પૈકી ૧૮ વાહનોના રજીસ્ટ્રેશન નંબર લકઝરી બસના ન હોય, અન્ય વાહનના ઇજારદાર દ્વારા રજૂ કરવામાં આવેલ હતા. જેની ખાતા મારફત રૂબરૂમાં ₹ ૧,૩૨,૩૦૦/- ની કપાત કરાવવામાં આવેલ છે.
*(ઓડિટ વાંધા નં. ૧૯૩/તા.૨૦-૧૨-૦૨૦૧૭)*

## : Concurrent Post Audit વિભાગ :

**પેરા-૨૦**

વડોદરા મહાનગરપાલિકામાં તમામ બિલનું પ્રિ-ઓડિટ બાદ જ ચુકવણું કરવાની નીતિ અમલમાં છે. હિસાબી શાખા દ્વારા Tally પધ્ધતિથી હિસાબોની નિભાવણી કરવામાં આવે છે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન અંદાજે ૩૫ કાર્યરત બેંક ખાતા (Bank Account) ની સાધનિક Tally Bank Book સાથે વાઉચરો તેમજ ચલનોનું CPA વિભાગ દ્વારા Concurrent Post Audit કરવામાં આવેલ છે. હિસાબી શાખાએથી તમામ કાર્યરત બેંક ખાતાઓને નિયમીત રીતે રીકન્સીલેશનની કામગીરી કરી, ઓડિટ શાખાએ ચકાસણી માટે રજૂ કરવામાં આવેલ નથી. જે મહાનગરપાલિકાની નાણાંકીય હિતની દ્રષ્ટીએ ઘણી જ ગંભીર બાબત જણાઇ આવેલ છે.

**પેરા-૨૧**

GPMC Act ની કલમ ૧૦૫ મુજબ, ઓડિટ શાખાના CPA વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ૩૫ બેંક ખાતાના Tally પધ્ધતિથી નિભાવેલ Tally Bank Book ના હિસાબોનું Concurrent Post Audit કરી આવક–જાવકના હિસાબો લગત તા.૧-૪-૨૦૧૭ થી તા.૩૧-૩-૨૦૧૮ દરમ્યાન ૩૧ અઠવાડિક રીપોર્ટ શ્રી સ્થાયી સમિતીમાં જાણ સારૂ રજૂ કરવામાં આવેલ છે. આવક–જાવકના હિસાબો પૈકી ઓડિટ શાખાએથી જાવકના હિસાબોની તપાસણી કરવામાં આવેલ છે.

**પેરા-૨૨**

મહાનગરપાલિકા હદ વિસ્તારમાં થયેલ વિકાસના કામો, નિભાવણીના કામો કે અન્ય વહીવટી કામો અથવા આકસ્મિક ઉપસ્થિત થતાં કામો લગત મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની મંજૂરી મેળવ્યા બાદ સબંધિત ખાતા તરફથી તેવા કામોના ત્વરીત ચૂકવણાં માટે (ખાતાધિકારીના હોદ્દા જોગ) તસલમાત (Advance) લેવાનો વહીવટ અમલમાં છે. જેથી ખાતા તરફથી રજૂ થતા તસલમાત બિલ ઓડિટ શાખામાંથી ત્વરીત માન્ય કરી આપવામાં આવે છે. ત્યારબાદ તેવાં કામો પૂર્ણ થયેથી તેના ફાઇનલ હિસાબોના જમા ખર્ચના બિલ, જે તે ખાતા મારફતે ઓડિટ શાખાએ માન્ય કરાવી તસલમાતની રકમના હિસાબો સરભર કરાવવાના હોય છે. ઠરાવેલા વહીવટી ધોરણો અનુસાર તેવી તસલમાતનો જમાખર્ચ દિન-૩૦ની સમયમર્યાદામાં સબંધિત ખાતા દ્વારા કરાવી દેવાનો હોય છે. પરંતુ તસલમાત જમાખર્ચની પ્રક્રિયામાં ખાતાધિકારીઓ દ્વારા ઘણી જ ઉદાસીનતાને લીધે નોંધનીય તસલમાતની રકમની જમાખર્ચની કાર્યવાહી કરવામાં આવેલ નથી. કેટલાક ખાતાના બેલેન્સમાં ઉધાર(Debit) ને બદલે જમા (Credit) બેલેન્સ હોઇ, જરૂરી ખાત્રી કરવા માટે હિસાબી શાખાનું ધ્યાન દોરેલ છે.

હિસાબી શાખાએથી રજૂ કરવામાં આવેલ Revenue Advance 2017-18 મુજબ તસલમાતના હિસાબની નાણાંકીય સ્થિતી જોતાં રેવન્યુ તસલમાતની તા.૧-૪-૨૦૧૭ના રોજ ઉઘડતી બાકી સિલક **₹ ૮૧,૩૧,૭૨,૧૧૭/-** હતી. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કુલ તસલમાતની રકમ **₹ ૨૨,૩૯,૯૦,૭૫૨/-** માન્ય કરવામાં આવેલ હતી. આમ કુલ માન્ય તસલમાત **₹ ૧,૦૩,૭૧,૬૨,૮૬૯/-** પૈકી સબંધિત ખાતા તેમજ વોર્ડ દ્વારા ફક્ત **₹ ૪૭,૧૮,૨૨,૯૭૮/-** નો જ તસલમાતનો જમાખર્ચ થયેલ હતો. તા.૩૧-૩-૨૦૧૮ ના રોજ કુલ **₹ ૫૬,૫૩,૩૯,૮૯૧/-** ની તસલમાત રકમનો જમાખર્ચ કરાવવામાં આવેલ નથી.

સદર બાબત જોતાં **₹ ૫૬,૫૩,૩૯,૮૯૧/-** નો તસલમાત જમાખર્ચ બાકી રહેવો તે નાણાંકીય શિસ્તની દ્રષ્ટિએ ઘણી જ ગંભીર બાબત છે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના પરીપત્ર અંક : ૧૨/ તા.૧૪-૮-૨૦૦૩ મુજબ જે તે ખાતાધિકારીઓએ હોદ્દા જોગ માન્ય કરાવેલી તસલમાતના હિસાબોનો જમાખર્ચ દિન-૩૦ માં કરવા જણાવેલ છે.તસલમાત જમાખર્ચ બાકી હોય તેવા સબંધિત ખાતાના વડાઓ ઉપર તાકીદના વહીવટીય તેમજ શિક્ષાત્મક પગલાંઓ લેવાનો આદેશ કરેલ છે. તેમ છતાં ઓડિટ અહેવાલ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન સંબધિત ખાતાઓ દ્વારા બાકી તસલમાતનો જમાખર્ચ કરાવ્યાની માત્રા (Ratio) ફક્ત 45% જણાઇ આવેલ છે. આમ તસલમાત જમાખર્ચની કાર્યવાહીમાં ઘણી જ ઉદાસીનતા જણાઇ આવેલ છે.

*(પરિશિષ્ટ-૭)*

## : જમા તપાસણી વિભાગ :

**પેરા-૨૩**

Animal Birth Control Scheme અંતર્ગત રખડતા કુતરાઓનું સ્ટરીલાઇઝેશન તેમજ હડકવા વિરોધી રસીકરણ (Anti Rabies Vaccination) ની કામગીરી માટે શ્રી સ્થાયી સમિતિ ઠરાવ અંક ૨૧૦/તા.૯-૭-૨૦૧૫ દ્વારા (1) VSPCA-NGO, મુકામ ચાપડ, વડોદરા (2) VSAWRD-NGO, મુકામ ખટંબા, વાઘોડિયાનું કામ ટેન્ડર પ્રક્રિયાથી મંજૂર કરવામાં આવેલ હતું. ચાલુ વર્ષ દરમ્યાન HSI-INDIA (Human Society International) ને તા.૨૨-૮-૨૦૧૭ થી સદરહૂ કામગીરી લગતનો નવીન ઇજારો માન્ય કરવામાં આવેલ છે. આ સંસ્થાઓની કામગીરીની ચકાસણી માટે નિયુક્ત થયેલ કમિટિના સભ્ય પૈકી અત્રે ઓડિટ શાખામાંથી એક પ્રતિનિધિ સામેલ કરવામાં આવેલ હતા. શ્રી સ્થાયી સમિતિ દ્વારા ઠરાવ્યા મુજબ ત્રણ વર્ષ દરમ્યાન આ સ્કીમ અંતર્ગત વડોદરા શહેર વિસ્તારમાં અંદાજે ૪૪,૦૧૮ કુતરાઓને સ્ટરીલાઇઝેશન અને ARV કામગીરી કરવાનો લક્ષ્યાંક હતો. વર્ષ દરમ્યાન નિયુક્ત કમિટી દ્વારા થયેલ ચકાસણી મુજબ સંસ્થાઓને અદા કરેલ મહેનતાણાં પેટેની રકમમાંથી ₹ ૨,૧૧,૫૦૦/- નું ચુકવણું કમી કરવામાં આવેલ હતું.

## : અનામત રીફંડ વિભાગ :

**પેરા-૨૪**

સર સયાજીરાવ નગર ગૃહ અને ગાંધીનગર ગૃહનાં બુકીંગ કરાવવાનાં પ્રસંગે બુકીંગ કરાવનારે નિશ્ચિત સમય મર્યાદાની અંદર રીંફડ માંગણાની અરજી આપે ત્યારે, નિયમ મુજબ રીફંડ આપવાનો વહીવટ છે. નીચે જણાવેલ રીંફડ બિલમાં રીંફડ માંગણાની અરજી નિયત સમયની અંદર આવેલ ન હોય, કુલ ₹ ૩૪,૪૦૦/-ના રીંફડ બિલ ઓડિટ વાંધાથી સંબધિત ખાતામાં ફાઇલે કરવા પરત કરેલ છે.

| અનુ. નંબર | બિલ નંબર / તારીખ | બુકીંગ કરાવનારનું નામ | બિલની રકમ ₹ |
|---|---|---|---|
| ૧ | એ-૧૭૮ / ૪૦૯૫ /૨૩-૧૦-૨૦૧૭ | કેટેલાઇઝર્સ એડ્યુવેંચર્સ ઇન્ફ્રા પ્રા. લી. | ૯,૬૦૦ |
| ૨ | એ-૧૭૪ / ૪૦૯૪ /૨૩-૧૦-૨૦૧૭ | -સદર- | ૧૫,૨૦૦ |
| ૩ | એ-૧૭૭ / ૪૦૯૬ /૨૩-૧૦-૨૦૧૭ | બરોડિયન્સ ગ્રુપ | ૯,૬૦૦ |
| | | ફૂલ ₹ | ૩૪,૪૦૦ |

**પેરા-૨૫**

શ્રી કાર્યપાલક ઇજનેર (યાંત્રિક), મિકેનીકલ શાખા દ્વારા બિલ નં. E-૨૪૪૦/૨૩૯૫/ તા.૧૪-૧૧-૨૦૧૭ થી વિનાયક લોજીસ્ટીકની 2 % EMD ₹ ૫,૦૦,૦૦૦/- નું રિફંડ બિલ અત્રે તપાસણી માટે રજૂ કરેલ. ઇજારદાર દ્વારા પર્ફોર્મન્સ સીક્યુરીટી પેટે ₹ ૧૦,૦૦,૦૦૦/- બેંક ગેરેંટી વિલંબ બાદ જમાં કરાવેલ હોઇ, 4% પેનલ્ટી તેમજ 18 % GST મળી કુલ ₹ ૯,૪૪૦/- ની રકમ, જમા કરાવ્યા બાદ સદર રીફંડ બિલ અત્રેથી માન્ય કરવામાં આવેલ છે.

**પેરા-૨૬**

કાર્યપાલક ઇજનેર, હાઉસીંગ-બિલ્ડિંગ પ્રોજેક્ટ દ્વારા બિલ નં. E-૧૯૪૮/૧૯૦૩/તા.૧૨-૧૦-૨૦૧૭ થી 5% પર્ફોમન્સ ગેરેંટીનું ₹ ૩૦,૮૪,૫૭૨/- નું રીફંડ અત્રે તપાસણી માટે રજૂ થયેલ હતું. ઇજારદાર દ્વારા 5% પર્ફોમન્સ ગેરેંટીની બેંક ગેરેંટી આપેલ હોય, બિલમાંથી કપાત કરેલ બેંક ગેરેંટીની રકમના રીફંડની માંગણી કરેલ. સદર રીફંડ બિલમાં 5% પર્ફોમન્સ ગેરેંટી પેટે ખુટતી રકમ ₹ ૫,૮૬,૩૭૨/- હતી. આથી પાવતી નં. 130918-AC17-008/તા.૧૮-૯-૨૦૧૩ થી અનામત પેટે જમા રકમ ₹ ૬,૧૦,૪૫૦/- નું ચુકવણું કરવામાં આવેલ નથી.

**પેરા-૨૭**

સર સયાજીરાવ નગર ગૃહ અને ગાંધીનગર ગૃહનાં રીફંડના નીચે દર્શાવેલ બિલમાંથી ભાડા તફાવતની કુલ રકમ ₹ ૭,૦૦૦/- ની કપાત કરી બિલ માન્ય કરેલ છે.

| અનુ. નંબર | બિલ નંબર / તારીખ | પાર્ટીનું નામ | બિલની રકમ ₹ | કપાતની રકમ ₹ |
|---|---|---|---|---|
| ૧ | એ-૫૦/૧૨૮૧/૧૪-૬-૨૦૧૭ | ICICI BANK Ltd. | ૧,૧૫,૨૦૦ | ૪,૦૦૦ |
| ૨ | એ-૫૨/૧૨૭૯/૧૪-૬-૨૦૧૭ | સ્ટેજ ડ્રાફ્ટ | ૧૯,૨૦૦ | ૧,૦૦૦ |
| 3 | એ-૫૩/૧૨૮૦/૧૪-૬-૨૦૧૭ | માનષી આર્ટ્સ | ૧૯,૨૦૦ | ૧,૦૦૦ |
| ૪ | એ-૫૧/૧૨૭૭/૧૪-૬-૨૦૧૭ | ગ્રામોફોન સંગીત પરીવાર | ૧૯,૨૦૦ | ૧,૦૦૦ |
| | | | **કુલ** | **૭,૦૦૦** |

## : ઉત્તર ઝોન ઓડિટ :

**પેરા-૨૮**

ઉત્તર ઝોન વિભાગ બિલ નં. એ-૧૧૯૬/તા.૨૩-3-૨૦૧૮, ₹ ૪,૬૪,૭૨૧/- નું ફાઇનલ બિલ તપાસણી અર્થે રજૂ કરેલ, જેમાં વાર્ષિક ઇજારા પેટે જમા કરાવેલ 2% અનામતની બેંક ગેરેંટી ₹ ૬,૦૫,000/- ની દિન-૪૧ એટલે કે તા.૯-૨-૨૦૧૮ થી તા.૨૧-3-૨૦૧૮ સુધીની તુટ (Break) ના સમયગાળાની વસુલાતપાત્ર વ્યાજની કપાત ₹ ૧૨,300/- બિલમાંથી કરેલ છે.

*(ઓડિટ વાંધા નં.૨૮૩/તા.૩૧-૩-૨૦૧૮)*

**પેરા-૨૯**

આસી.મ્યુ.કમિશનર (ઉત્તરઝોન) શ્રી સુરેશભાઇ એસ. તુવરના પરિવહન ભથ્થાનું તફાવત પત્રકના બિલ પૈકી સસ્પેન્ડ પીરીયડ તા.૧૬-૭-૨૦૧૩ થી તા.૮-૫-૨૦૧૪ સુધીના ₹ ૧૫,૨૨૫/- નો બિલમાં કરેલ આકાર નિયમ મુજબ જણાતો નથી. તે બાબતે મુખ્ય શાખા મારફત સ્પષ્ટતા કરવા માટે બિલ પરત કરેલ છે.

*(ઓડિટ વાંધાનં. ૧૩૨/તા.૧૬-૧૦-૨૦૧૭, ૨૧૬/તા.૧૮-૧-૨૦૧૮ તેમજ પત્રાંક ૨૩૪/તા.૫-૩-૨૦૧૮)*

**પેરા-૩૦**

વોર્ડ નં ૫, એન્જીનીયરીંગ શાખાના કર્મચારી શ્રી બળવંતસિંઘ પી. રાજપુતનું લિવ એન્કેશમેન્ટ બિલ નં પી-૩૮/તા.૩-૫-૨૦૧૭, ₹ ૮,૮૫૪/- એક વર્ષ બાદ માન્યતા અર્થે રજૂ થયેલ હતું. પરીપત્ર અંક ૫૦/૯૦-૯૧ મુજબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની મંજૂરી મેળવવા ખાતાને જણાવેલ હતું. પરંતુ અધાપિ પૂર્તતા થયેલ નથી.

*(ઓડિટ વાંધા નં.૧૬/તા.૩૧-૫-૨૦૧૭)*

**પેરા-૩૧**

વોર્ડ નં ૭, એન્જીનીયરીંગ શાખાના માહે નવેમ્બર-૨૦૧૭ ના પગાર પત્રકમાં નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી એન.સી. જિનગર, પેટ્રોલ કાર્ડ ધરાવતા હોવા છતાં પરીવહન ભથ્થાનો આકાર કરેલ હોવાથી ₹ ૬,૪૦૦/- ની કપાત કરવામા આવેલ છે. તેમજ MDBP દ્વારા ‘Zero’ કરાવવા અંગે ખાતામાં જાણ કરવામા આવેલ છે.

*(ઓડિટ વાંધા નં.૧૫૩/તા.૨૨-૧૧-૨૦૧૭)*

**પેરા-૩૨**

વોર્ડ નં ૮ માં પાણી કનેક્શન રજિસ્ટરની વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૧૬-૧૭ ની તપાસણી કરવામાં આવેલ છે. જેમાં કુલ વસુલાત પાત્ર ₹ ૩,૮૭,૩૦૫/- તેમજ તપાસણી દરમ્યાન જણાય આવેલ ક્ષતિઓ બાબતે અત્રેથી લેખિત જાણ કરવામાં આવેલ છે. ખાતા દ્વારા અદ્યાપિ પૂર્તતા કરવામાં આવેલ નથી.

*(ઓડિટ પત્રાંક: ૩૪/તા.૧૮-૫-૨૦૧૭)*

**પેરા-૩૩**

